Vol. 1, Issue:2, May 2013
(IJRSML) ISSN: 2321 - 2853

નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ

ડો. નિર્મલ કે. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ
બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરત.

૧. પ્રસ્તાવના

મનુષ્યને ઈશ્વર તરફથી મળેલ સૌથી મોટું વરદાન ભાષા છે. જે મનુષ્યને બીજા કોઈપણ પ્રાણીઓથી ભિન્ન બનાવે છે. ભાષાના વૈભવને કારણે જ મનુષ્યને બીજા બધાં પ્રાણીઓની તુલનામાં વધુ સભ્ય, શિષ્ટ, સમૃદ્ધ, જ્ઞાનવાન, વિવેકશીલ તેમજ સામાજિક ગણવામાં આવે છે. ભાષા શકિતને કારણે મનુષ્યે ભૌતિક ઉન્નતિની સાથો-સાથ આધ્યાત્મિક ક્ષેત્રે પણ ઉન્નતિ સાધી છે.

આજે વિશ્વમાં લેખિત સ્વરૂપની ૨૨૦ કરતાંય વધુ ભાષાઓ અસ્તિત્વ ધરાવે છે. જ્યારે ભારતીય સંવિધાને પણ ૧૬ બોલીઓને ભાષાની માન્યતા આપી છે. આ ૧૬ ભાષાઓ પૈકી ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના દિવસે હિન્દી ભાષાને રાજભાષા તરીકે સ્વીકૃત કરવામાં આવી. પરંતુ સાંપ્રત સમયમાં મૂળ રાષ્ટ્રભાષાના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો છે. આજે રાષ્ટ્રભાષા પર વિદેશી તથા પ્રાદેશિક ભાષાઓના આક્રમણો થતાં રહ્યાં છે. વિદેશી ભાષાનું આક્રમણ એટલે અંગ્રેજી ભાષાનું આક્રમણ અને પ્રાદેશિક એટલે વિવિધ રાજ્યોની પ્રાદેશિક બોલીઓનું આક્રમણ.

વર્તમાન સમયમાં ગુજરાત જેવાં અહિન્દી ભાષી પ્રદેશમાં હિન્દી શિક્ષણની સ્થિતિ એકદમ વિપરીત છે. ઉપરાંત સરકારી શિક્ષણનીતિએ પણ હિન્દી ભાષા ઉપર કારમો ઘા કર્યો છે, જાહેર પરીક્ષાઓમાં અંગ્રેજી વિષયને ફરજિયાત બનાવાયો અને હિન્દી વિષયને વૈકલ્પિક જૂથમાં મૂકવામાં આવ્યો. તેનાથી પણ હિન્દી શિક્ષણની ગરિમા જોખમાઈ છે જેને પરિણામે આજે સમાજમાં પણ અંગ્રેજી ભાષા કે અંગ્રેજી માધ્યમ પાછળની આંધળી દોટ શરૂ થઈ છે. જેને લીધે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે લાંબેગાળે રાષ્ટ્રભાષા લુપ્ત થાય પણ ખરી, અને વર્તમાન સમયમાં આજ બાબત સૌની ચિંતાનો વિષય બની રહ્યો છે. આમ, રાષ્ટ્રભાષા હિન્દીના અસ્તિત્વને સ્પર્શતા વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી અધ્યેતાએ નવસારી જિલ્લામાં હિન્દી શિક્ષણની પ્રાથમિક કક્ષાએ વર્તમાન પરિસ્થિતિ કેવી છે? તે સંદર્ભે વિશાળ ફલક પર હિન્દી ભાષાને અસર કરતાં વિવિધ પાસા સંદર્ભે અભ્યાસ હાથ ધર્યો હતો.

૨. સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસ નીચે મુજબના વિષય શીર્ષક પર હાથ ધરાયો હતો.
"નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ "

૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સંદર્ભે હાથ ધરવામાં આવ્યો હતો.

૧. નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હિન્દી વિષયના અભ્યાસક્રમ અંગે નીચેની બાબતો સંદર્ભે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના પ્રતિભાવોનો અભ્યાસ કરવો.
   (૧) હેતુઓ (૨) વિષયવસ્તુ
   (૩) પાઠયપુસ્તક (૪) સંદર્ભ સાહિત્ય (૫) મૂલ્યાંકન

૨. પ્રાથમિક કક્ષાએ હિન્દી શિક્ષણ સંદર્ભે સરકારની નીતિ અંગે નીચેની બાબતો સંદર્ભે વિષય શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
   (૧) હિન્દી ભાષા પ્રત્યેનો અભિગમ (૨) નિમણૂકના સંદર્ભે
   (૩) હિન્દી વિષયની શાળા સ્તરે સ્થિતિ (૪) હિન્દી શિક્ષણ માટે પ્રાપ્ત સહાય

૩. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસે હિન્દી વિષય સંદર્ભે નીચે જણાવેલ બાબતો સંદર્ભે મંતવ્યો જાણવાં.

(૧) વિષય શિક્ષકો પરત્વે
(૨) શિક્ષક દ્વારા અપનાવાતી શિક્ષણ પદ્ધતિ
(૩) વ્યવહારમાં ઉપયોગિતા સંબંધી
(૪) વિદ્યાર્થીઓનો શિક્ષણ પ્રત્યેનો અભિગમ
(૫) વર્ગખંડમાં અપાતા અધ્યયન અનુભવો

૪. અભ્યાસના પ્રશ્નો

અધ્યેતા દ્વારા અભ્યાસ દરમ્યાન નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવવાના પ્રયત્નો થયા હતા.

૧) હિન્દી વિષય શિક્ષણના હેતુ સંદર્ભે વિષય શિક્ષકોનો દષ્ટિકોણ કેવો છે?
૨) હિન્દી વિષય શિક્ષણના હેતુઓ અંગે વિદ્યાર્થીઓ કેવો મત ધરાવે છે?
૩) પાઠયપુસ્તકમાં સમાયેલ વિષયવસ્તુ અંગે વિષય શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?
૪) પાઠયપુસ્તકમાં સમાયેલ વિષયવસ્તુ અંગે વિદ્યાર્થીઓ કેવો મત ધરાવે છે?
૫) પ્રવર્તમાન હિન્દી વિષયના પાઠયપુસ્તક અંગે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?
૬) વિદ્યાર્થીઓના મતે હિન્દી વિષયનું વર્તમાન પાઠયપુસ્તક કેવું છે?
૭) શિક્ષકોનો હિન્દી વિષયના શિક્ષણકાર્ય માટે સંદર્ભ સાહિત્યની પ્રાપ્તિ અંગેનો અભિગમ કેવો છે?
૮) વિદ્યાર્થીઓના હિન્દી વિષયના સંદર્ભ સાહિત્ય અંગેના મતો કેવા છે?
૯) હિન્દી વિષયમાં થતા મૂલ્યાંકન અંગે વિષય શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?
૧૦) હિન્દી વિષયમાં થતાં મૂલ્યાંકન અંગે વિદ્યાર્થીઓ શો મત ધરાવે છે?
૧૧) હિન્દી ભાષા સંદર્ભે સરકારી અભિગમ વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણને કઈ રીતે અસર કરે છે?
૧૨) હિન્દી વિષય સંબંધી સરકારી નીતિ વિષય શિક્ષકોની નિમણૂક પર કેવી અસર કરે છે?
૧૩) હિન્દી વિષયની શાળા સ્તરે સ્થિતિ સંદર્ભે સરકારની નીતિ કઈ રીતે અસર કરે છે?
૧૪) શુ સરકારની નીતિ હેઠળ હિન્દી શિક્ષણ માટે વિશેષ અનુદાન પ્રાપ્ત થાય છે?
૧૫) હિન્દી વિષય શિક્ષકો પ્રત્યે વિદ્યાર્થીઓ કેવો મત ધરાવે છે?
૧૬) હિન્દીના શિક્ષણકાર્ય દરમ્યાન વર્ગખંડમાં કઈ કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે?
૧૭) વિદ્યાર્થીઓ હિન્દી વિષયની વ્યવહારુ ઉપયોગિતા અંગે કેવો મત ધરાવે છે?
૧૮) વિદ્યાર્થીઓમાં હિન્દી શિક્ષણ પ્રત્યે કેવો અભિગમ જોવા મળે છે?
૧૯) હિન્દી શિક્ષણ દરમ્યાન કેવા કેવા અધ્યયન અનુભવો પૂરા પડાય છે?

૫. અભ્યાસનું મહત્ત્વ

૧) વૈશ્વિકરણને કારણે હિન્દી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળશે.
૨) પ્રસ્તુત અભ્યાસ નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિને કેન્દ્રમાં રાખી હાથ ધરાયો છે. જેથી હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિને ઝીણવટપૂર્વક સમજી ઉપરાંત અનુકાર્ય કરી તેને અનુલક્ષીને અધ્યાપન કાર્ય માટેની દિશા ભાવિ શિક્ષકો માટે વધુ ફળદાયી બની રહેશે.
૩) પ્રસ્તુત અભ્યાસના તારણોની જાણ પ્રાથમિક શાળા કક્ષાએ કાર્યરત શિક્ષકોને કરવાથી અને શિક્ષકો એના અનુસંધાનમાં અનુકાર્ય હાથ ધરે તો હિન્દી શિક્ષણની પરિસ્થિતિમાં સુધારાની શકયતા જણાય છે.

૬. અભ્યાસનું સીમાંકન

૧) પ્રસ્તુત અભ્યાસ નવસારી જિલ્લાની ગુજરાતી માધ્યમની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ સંદર્ભે જ હાથ ધરવામાં આવ્યો હતો.
૨) પ્રાથમિક કક્ષાએ અભ્યાસ કરાવતા શિક્ષકો પૈકી ધોરણ સાતમાં હિન્દી વિષય શીખવતા શિક્ષકોને નમૂનામાં સમાવવામાં આવ્યા હતા, તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી શાળાદીઠ ધોરણ સાતના બે કુમાર અને બે કન્યાઓને જ નમૂનામાં સમાવાયા હતા.
(નોંધ : માત્ર કુમાર કે કન્યા શાળાઓમાંથી ૪ કુમાર કે ૪ કન્યાની પસંદગી કરવામાં આવી હતી.)
૩) અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસના ઉપકરણ તરીકે શિક્ષકો માટે સ્વરચિત અભિપ્રાયાવલિ તેમજ વિદ્યાર્થીઓ માટે બંધ પ્રકારની પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

૭. અભ્યાસ યોજના

પ્રસ્તુત અભ્યાસ નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલ હોવાથી શાળા સર્વેક્ષણ અંતર્ગત સમાવી શકાય. માટે અભ્યાસ એક આડછેડી શાળા સર્વેક્ષણ અંતર્ગત સમાવેશ પામે છે.

૮. વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવા માટે સમસ્યાકથનમાં નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓ પસંદ કરી હતી માટે નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૭માં હિન્દી શિક્ષણનું અધ્યાપન કરાવતા શિક્ષકો તેમજ અધ્યયન કરતા વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વ બને છે.

અહીં અધ્યેતાએ સ્તરીકૃત યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદ કરેલ શાળાઓની સૂચિ સારણી ૧માં દર્શાવવામાં આવી છે.

સારણી ૧

નવસારી જિલ્લા આધારિત તાલુકાવાર નમૂનામાં સમાયેલ શાળઓની સંખ્યા

ક્રમ	તાલુકા	ધોરણ-૭ ધરાવતી શાળાઓની કુલા સંખ્યા	નામૂનામાં સમાયેલ શાળાઓની સંખ્યા
૧	નવસારી	૬૪	૧૫
૨	જલાલપોર	૮૦	૧૯
૩	ગણદેવી	૭૦	૧૭
૪	ચીખલી	૧૩૦	૩૧
૫	વાંસદા	૧૦૮	૨૬
	કુલ	**૪૫૨**	**૧૦૮**

આમ, સારણી-૧નો અભ્યાસ કરતા માલુમ પડે છે કે, નવસારી જિલ્લામાંથી કુલ ૧૦૮ શાળાઓને નમૂનાની શાળા તરીકે પસંદગી કરી હતી. આ ૧૦૮ શાળામાં ધોરણ-૭માં હિન્દી વિષય શીખવતા ૧૦૮ શિક્ષકો તેમજ ધોરણ-૭માં અભ્યાસ કરતાં ૨૧૪ કુમાર તેમજ ૨૧૮ કન્યા આમ કુલ ૪૩૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

૯. ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો હોઈ તે માટે અધ્યેતાએ ઉપકરણ તરીકે શિક્ષકો પાસે માહિતી મેળવવા પંચબિંદુ આધારિત ૬૬ વિધાનોવાળી અભિપ્રાયાવલિ તેમજ વિદ્યાર્થીઓ પાસે માહિતી પ્રાપ્ત કરવા બંધ પ્રકારની ૭૭ પ્રશ્નોવાળી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

૧૦. માહિતીનું એકત્રીકરણ અને પૃથ્થકરણ

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ નમૂનામાં પસંદ થયેલી શાળાની પ્રત્યક્ષ મુલાકાત લઈ શાળાના ધોરણ-૭ના હિન્દી વિષય શિક્ષકો પાસે પંચબિંદુ આધારિત અભિપ્રાયાવલિમાં અભિપ્રાયો મેળવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ પાસે બંધ પ્રકારની પ્રશ્નાવલિમાં પ્રત્યુત્તર પ્રાપ્ત કર્યા હતા.

પૃથ્થકરણ માટે અભિપ્રાયદાતાઓ તરફથી પ્રાપ્ત અભિપ્રાયોના આધારે વર્ણનાત્મક આંકડાશાસ્ત્રની મદદથી પ્રત્યેક વિધાનોની ટકાવારી, સરાસરી ગુણભાર, કાઈવર્ગ તેમજ વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓ પાસે મેળવાયેલ પ્રત્યુત્તરો સંદર્ભે ટકાવારી આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

૧૧. અભ્યાસનાં તારણો

પ્રસ્તુત અભ્યાસને અંતે નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ સંદર્ભે મળતા મુખ્ય તારણો આ પ્રમાણે હતાં.

૧. શિક્ષકો તથા વિદ્યાર્થીઓના મતે હિન્દી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનાં મુખ્ય તારણો.

હિન્દી શિક્ષણના હેતુઓ સંબંધી તારણો

- હિન્દી વિષયના અધ્યાપનથી સામાન્ય હેતુઓ પૂર્ણતઃ સિદ્ધ થતા ન હતા.
- વિદ્યાર્થીઓ હિન્દીમાં લખાયેલ બાબતો આદર્શ રીતે વાંચી શકતા નથી.
- જરૂર પડયે વિદ્યાર્થીઓ હિન્દી ભાષામાં વાર્તાલાપ કરવા સક્ષમ બને છે.

હિન્દી શિક્ષણનું વિષયવસ્તુ સંબંધી તારણો

- વિદ્યાર્થીઓની વયકક્ષાના પ્રમાણમાં વિષયવસ્તુ કઠિન જણાતું હતું.
- વિષયવસ્તુ સાથે રજૂ થયેલ વ્યાકરણ ભાષાકીય સજ્જતામાં વધારો કરે છે.
- વિષયવસ્તુમાં સમાવિષ્ટ સામગ્રીમાં વ્યવહારું ઉદાહરણોની ખોટ વર્તાતી હતી.

હિન્દી વિષયના પાઠયપુસ્તક સંબંધી તારણો

- પાઠયપુસ્તકમાં સામગ્રીની રજૂઆત વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ જણાય હતી.
- પાઠયપુસ્તકમાં માહિતી અયોગ્ય રીતે વિભાજીત થઈ હતી.
- પાઠયપુસ્તકમાં વિષયવસ્તુ સંબંધિત યોગ્ય ચિત્રો સામેલ થયા ન હતા.

હિન્દી વિષયમાં ઉપલબ્ધ સંદર્ભ સાહિત્ય સંબંધી તારણો

- અન્ય વિષયોની તુલનામાં હિન્દી વિષયમાં સંદર્ભ સાહિત્ય ઓછું ઉપલબ્ધ થતું હતું.
- શિક્ષકો દ્વારા ઉપલબ્ધ સંદર્ભ-સાહિત્યનો ઉત્સાહપૂર્વક ઉપયોગ થતો હતો.
- સંદર્ભ-સાહિત્યના વધુ પડતા ઉપયોગને લીધે અભ્યાસક્રમ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં તકલીફ પડતી હતી.

હિન્દી વિષયમાં થતું મૂલ્યાંકન સંબંધી તારણો

- શાળામાં શિક્ષણ કાર્યને અંતે નિયમિત મૂલ્યાંકન થતું ન હતું.
- મૂલ્યાંકન પ્રત્યે શિક્ષકો ગંભીરતા પૂર્વક જવાબદારી નિભાવતા હતા.
- મૂલ્યાંકનમાં વ્યાકરણને વધુ પડતું પ્રાધાન્ય અપાતું જણાયું હતું.

૨. માત્ર શિક્ષકો પાસે પ્રાપ્ત અભિપ્રાયો આધારિત વર્તમાન પરિસ્થિતિના મુખ્ય તારણો

શિક્ષણ વ્યવસ્થામાં સરકારનો હિન્દી ભાષા પ્રત્યેનો અભિગમ સંબંધી તારણો

- સરકારની નીતિ જોતાં હિન્દી શિક્ષણ પ્રત્યેનું વલણ ઉદાસીન જણાયું હતું.
- સરકારી નીતિને લીધે હિન્દી ભાષા વૈકલ્પિક ભાષા બની ગઈ હતી.

શિક્ષકોની નિમણૂક સંબંધી તારણો

- હિન્દી વિષય શિક્ષકો હિન્દી વિષય સાથે સ્નાતક-અનુસ્નાતક થયેલા જણાયા ન હતા.
- નવી નીતિમાં અંગ્રેજી વિષય તરફનો ઝોક હિન્દી વિષય શિક્ષકની ભરતી પર અસર કરતો જણાયો હતો.

હિન્દી વિષયની શાળા સ્તરે સ્થિતિ સંબંધી તારણો

- સરકારની બદલાતી નીતિએ શાળા કક્ષાએ હિન્દી વિષયના અસ્તિત્વ સામે જોખમ સર્જ્યું છે.
- વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે હિન્દી વિષય ઓછો વિશ્વસનીય માલૂમ પડતો જણાયો હતો.
- વિષયની ઘટતી જતી માંગ હિન્દી શિક્ષકની માનસિકતાને પ્રભાવિત કરતી જણાય હતી.

હિન્દી શિક્ષણ માટે પ્રાપ્ત થતી સહાય સંબંધી તારણો

- શાળામાં ઉપલબ્ધ સુવિધાનો પૂરતો ઉપયોગ કરવા મળતો હતો.
- હિન્દી વિષયમાં વિશેષ કાર્યક્રમો માટે આર્થિક સહાય પૂરી પડાતી ન હતી.
- હિન્દીને પ્રોત્સાહક સંશોધનોનો અભાવ વર્તાતો હતો.

૩. માત્ર વિદ્યાર્થીઓ પાસે પ્રાપ્ત મતો આધારિત વર્તમાન પરિસ્થિતિના મુખ્ય તારણો

હિન્દી વિષયના શિક્ષકો સંબંધી તારણો

- શિક્ષક હિન્દી વિષયને શીખવવા ગુજરાતીનો ઉપયોગ કરતા હતા.
- વિષય શિક્ષક નિયમિત શિક્ષણકાર્ય કરાવતા હતા.

શિક્ષક દ્વારા અપનાવાતી શિક્ષણ પદ્ધતિ સંબંધી તારણો

- શિક્ષણ કાર્ય દરમ્યાન મહદ્‌અંશે કથન પદ્ધતિનો ઉપયોગ થતો હતો.
- વિદ્યાર્થીઓને વિશિષ્ટ પદ્ધતિઓથી ભણવાનું પસંદ હતું.

હિન્દી ભાષાની વ્યવહારમાં ઉપયોગિતા સંબંધી તારણો

- હિન્દી ભાષાનો વ્યવહારમાં ઉપયોગ કરવો સરળ જણાયો હતો.
- હિન્દી ભાષામાં વાત કરતી વખતે માતૃભાષાનો ઉપયોગ થઈ જતો હતો.
- હિન્દી ભાષાના રોજીંદા ઉપયોગમાં વ્યાકરણને ઓછું મહત્ત્વ અપાતું હતું.

વિદ્યાર્થીઓનો હિન્દી શિક્ષણ પ્રત્યેનો અભિગમ સંબંધી તારણો

- વિદ્યાર્થીઓને હિન્દી ભાષામાં વાર્તાલાપ કરવો ગમતો હતો.
- માત્ર તાસ પૂરતો જ હિન્દી ભાષામાં વાર્તાલાપ થતો હતો.

વર્ગખંડમાં અપાતાં અધ્યયન અનુભવો સંબંધી તારણો

- વિષય શિક્ષક શિક્ષણકાર્યમાં દરેક વિદ્યાર્થીઓને સાંકળીને શિક્ષણકાર્ય કરતા હતા
- હિન્દી વિષયમાં આવતાં કાવ્યોનું ગાન કરી સંભળાવવામાં આવતું ન હતું.

૧૨. શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત અભ્યાસને અંતે પ્રાપ્ત થયેલાં પરિણામો નીચેના શૈક્ષણિક સૂચિતાર્થો તરફ દોરી જાય છે.

૧) હિન્દી ભાષા શિક્ષણના હેતુઓ સંદર્ભમાં સામાન્ય હેતુઓ પૂર્ણતઃ સિદ્ધ થાય એ માટેના પ્રયાસો શિક્ષક દ્વારા હાથ ધરાવા જોઈએ.

૨) વિદ્યાર્થીઓને હિન્દી શિક્ષણમાં વાચનનો અનુભવ પૂરો પાડવો.

૩) હિન્દી શિક્ષણનું વિષયવસ્તુ સંદર્ભે વિષયવસ્તુ વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ રાખવા માટે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પહેલ થવી જોઈએ.

૪) વિષયવસ્તુમાં સમાયેલ સામગ્રીમાં મહત્તમ વ્યવહારું દષ્ટાંતો સામેલ થાય એ માટેના પ્રયાસો હાથ ધરી શકાય.

૫) પાઠ્યપુસ્તકમાં માહિતી ગદ્ય, પદ્ય અને વ્યાકરણ વિભાગમાં રજૂ થાય એ માટેના પ્રયાસો હાથ ધરી શકાય.

૬) પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુ સંબંધી યોગ્ય રંગીન ચિત્રો સામેલ થાય એ રીતના પ્રયાસો હાથ ધરી શકાય.

૭) હિન્દી વિષયમાં ઉપલબ્ધ સંદર્ભ સાહિત્ય સંદર્ભે ગ્રંથાલયમાં હિન્દી વિષયના પુસ્તકો વસાવવા નાણાકીય સહાય પૂરી પાડવી જોઈએ.

૮) સંદર્ભ સાહિત્યનો વિષયવસ્તુના મુદ્દાની ગંભીરતા આધારિત સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો.

૯) શાળામાં શિક્ષણ કાર્યને અંતે નિયમિત મૂલ્યાંકન હાથ ધરવું.

૧૦) મૂલ્યાંકનમાં વ્યાકરણની સાથો-સાથ અન્ય બાબતોને પણ પ્રાધાન્ય પૂરું પાડી શકાય.

૧૧) શિક્ષણ વ્યવસ્થામાં સરકારે હિન્દી ભાષા પ્રત્યેનો અભિગમ બદલવો જોઈએ.

૧૨) સરકારની નીતિ હિન્દી વિષય પોષક હોવી જોઈએ. જેથી હિન્દી ભાષા વૈકલ્પિક ભાષા ન બની રહે.

૧૩) શિક્ષકોની ભરતી સમયે હિન્દી વિષય સાથે સ્નાતક-અનુસ્નાતક થયેલ શિક્ષકોને પ્રાધાન્ય આપી શકાય.

૧૪) સરકારની નવી નીતિમાં અંગ્રેજી વિષય તરફ ઝોંક હિન્દી વિષય શિક્ષકની ભરતી પર અસર ન કરે તેની કાળજી રાખી શકાય.

૧૫) સરકારની બદલાતી નીતિને કારણે હિન્દી વિષય શિક્ષણનું અસ્તિત્વ ન જોખમાય તે માટેના પ્રયાસો હાથ ધરી શકાય.

૧૬) કારકિર્દી ઘડતર માટે હિન્દી વિષયનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવી શકાય.

૧૭) હિન્દી વિષય શિક્ષણની સમાજમાં માંગ વધે એ માટેના સહિયારા પ્રયાસો હાથ ધરાવા જોઈએ.

૧૮) હિન્દી વિષયમાં વિશેષ કાર્યક્રમો હાથ ધરવા માટે શાળાને આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ.

૧૯) હિન્દી વિષય શિક્ષણમાં પણ સંશોધનો હાથ ધરાય એ માટેના પ્રયાસો થવા જોઈએ.

૨૦) વિષય શિક્ષકોએ હિન્દી વિષયના તાસમાં પૂર્વ તૈયારી દ્વારા તથા મહત્તમ હિન્દી ભાષાના શુદ્ધ ઉચ્ચારણ સાથેની રજૂઆત પૂરી પાડવી જોઈએ.

૨૧) શિક્ષકે વિવિધ વિષયવસ્તુ આધારિત પદ્ધતિઓની પસંદગી કરવી જોઈએ.

૨૨) વિદ્યાર્થીઓને હિન્દી ભાષામાં વાત કરવાનો મહાવરો પૂરો પાડી શકાય.

૨૩) વિદ્યાર્થી માત્ર તાસ પૂરતી જ હિન્દી ભાષાને મર્યાદિત ન બનાવી દે તેની કાળજી રાખી શકાય.

૨૪) શિક્ષકે હિન્દી વિષયમાં આવતાં કાવ્યોનું ગાન કરી શિક્ષણકાર્ય કરવું જોઈએ.

૧૩. ઉપસંહાર

અધ્યેતા દ્વારા પ્રસ્તુત વિષયને ધ્યાનમાં રાખી એક નમ્ર પ્રયાસ હાથ ધરાયો હતો. આવા અભ્યાસો હાથ ધરવાથી હિન્દી વિષય શિક્ષણનો વ્યાપ તેમજ હિન્દી શિક્ષણ ગુણવત્તાલક્ષી બનવાની સંભાવનાઓ રહેલી છે. આજના નૂતન યુગના સંદર્ભમાં પ્રાથમિક કક્ષાએ હિન્દી ભાષા શિક્ષક વૈજ્ઞાનિક તથા પૂર્ણ ભાષા તરીકેની ગણના અને નામના મેળવે તેમજ અધ્યેતા દ્વારા કરાયેલ નમ્ર સૂચનોને આધારે જરૂરી ફેરફારો સહિત હિન્દી વિષયના અધ્યયન-અધ્યાપનનું કાર્ય આરંભવામાં આવે તો અધ્યેતાના પ્રસ્તુત અભ્યાસ પાછળનો હેતુ સિદ્ધ થયો લેખાશે.

સંદર્ભસૂચિ

૧. ઉચાટ, ડી. એ. (૨૦૦૪). *માહિતી પર સંશોધન વ્યવહારો* (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : વાસુકિ પ્રિન્ટીંગ પ્રેસ.
૨. દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી. (૧૯૯૨). *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.* અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૩. શાહ, એ. જી., દવે, જી. કે. (૧૯૯૫). *સંશોધન પદ્ધતિઓ* અમદાવાદ : અનડા પ્રકાશન ગુજરાત રાજય.
૪. સિંહ, યુ. (૨૦૦૮). *સંશોધન અહેવાલ લેખન માર્ગદર્શિકા* બરેલી : દીપિકા પ્રકાશન.